ડીસાના રાજમંદિર સિનેમા ટોકીઝ નજીક અકસ્માતમાં ચારના મોત

ડીસા, તા. ૨૩

ડીસા નાં રાજમંદિર સિનેમા ટોકીઝ નજીક મુખ્ય હાઈવે રોડ પર આવેલા એક નાળાં માં અકસ્માતે કાર ખાબકી હતી.આ કાર માં સુરત થી રાજસ્થાન ના સિંણદરી ગામે યોજાઈ રહેલા જેન સમાજ ના -તિસ્થા કાર્યક્રમ માં એક પરિવાર ના પાંચ સભ્યો ભાગ લેવા જઈ રઝા હતા.જોકે ડીસા નજીક અકસ્માતે આ કાર નાળાં માં ખાબકતા તેમાં એક બાળક અને મહિલા તેમજ બે પુરુષો સહીત ચાર નાં કરુણ મોત થયેલ છે જયારે આ પરિવાર ની એક પંદર વર્ષીય બાળા નો બચાવ થયેલ છે

આ કરુણાંતિકા ની વિગતો જોઈએ તો સુરત મુકામે થી દિલીપભાઈ બાબુલાલ મહેતા અને તેમના પત્ની મમતાબેન ,પુત્ર ઋષભ ઉમર,વર્ષ-૧૦ તેમજ વિનોદભાઈ નરસિંહ મહેતા પુત્રી દિક્ષિતા ઉમર વર્ષ-૧૫ અને પરિવાર ના એક અન્ય વ્યક્તી સહીત પાંચ વ્યક્તિઓં જેન સમાજ ના આજથી રાજસ્થાન નાસિંણદરી ગામે યોજાઈ રહેલા -તિસ્થા કાર્યક્રમ માં ભાગ લેવા જઈ રઝા હતા.જેમાં વહેલી સવારે આશરે સાડા પાંચ વાગ્યા ના સુમારે ડીસા નજીક રાજમંદિર સિનેમા ટોકીઝ નજીક આ પરિવાર પહોચ્યો હતો. જોકે તેવાજ સમયે કોઈ અજાણ્યા વાહને પાછળ થી ગફલત ભર્યા ડ્રાઈવિંગે આ પરિવાર ની સિફ્ત કાર ને ટક્કર મારી હતી. જેનાથી આ કાર

ડીવાઈડર તોડી રોડ નીચે આવેલા નાળાં માં ઉંધી થઈ થાબકી હતી, જેમાં બાળકી એ બચાવ માટે બુમાબુમ કરતા બાજુમાં જ આવેલા ઈંટો ના ભથ્થા વાળા બચાવ માં દોડી આવ્યા હતા અને દિક્ષિતા મહેતા નામની ૧૫ વર્ષીય બાળકી ને બચાવી લીધી હતી.જેને ૧૦૮ મારફ્તે સારવાર અર્થે ડીસા ની સરકારી હોસ્પિટલ ખસેડાઈ હતી.જોકે તે બાદ કેઈન ની મદદે આ કાર ને પાણી નાં કાદવ કીચડ માંથી બહાર કઢાઈ હતી.જે બાદ કાર નાં દરવાજા તોડી તપાસ કરતા દિલીપભાઈ બાબુલાલ મહેતા અને તેમના પત્ની મમતાબેન ,પુત્ર ઋષભ ઉમર,વર્ષ-૧૦ તેમજ સબંધી વિનોદભાઈ નરસિંહ મહેતા નાળાં નું પાણી ગાડી માં અકસ્માતે ભરાતા દિક્ષિતા મહેતા નામની બાલિકા સિવાય ના તમામ પાણી માં જ ગૂંગળાઈ કરુણતા એ ઘટના સ્થળે જ મૃત પામ્યા હતા જે બાદ ચારેય મૃતકો ને ડીસા ની સરકારી હોસ્પિટલ માં પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડાયા હતા.જયારે બીજી તરફ સુરત થી સિંણદરી (રાજસ્થાન)જેન સમાજ ના -તિસ્થા કાર્યક્રમ માં જતા એકજ પરિવાર ના પતી -પત્ની અને પુત્ર તેમજ અન્ય પરિવારજન સહીત ચાર ને કાળનો કોળીયો ભરખી જતા સમગ્ર રાજયભર માં શોક છવાયો છે આ મામલે ડીસા દક્ષિણ પોલીસે અકસ્માતે મોત નો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

ગોઝારિયાની ધોરણ-૪ની બાળાઓને નરેન્દ્ર મોદીનો પત્ર મળતા આનંદ વિભોર બની

વિદ્યાર્થીનીઓએ મોકલાવેલા આરોગ્ય વિષયક પ્રોજેક્ટનો પ્રતિભાવ મુખ્યમંત્રીએ પોસ્ટકાર્ડ લખી આપતા બાળાઓ ખુશીથી ઝુમી ઉઠી

ગાંધીનગર, તા.૨૩

ગોઝારિયાની આદર્શ પ્રાથમિક કન્યા શાળાની ધોરણ-૪ની બાળાઓને તેમના નામથી લખાયેલું પોસ્ટકાર્ડ મળતાં આ વિદ્યાર્થીનીઓને



સુખદ આશ્ચર્ય થયું હતું કારણકે આ પોસ્ટકાર્ડ તેમને બીજા કોઈએ નહીં પરંતુ ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લખેલ હતો. આ પત્ર મેળવી બાળાઓ ખુશીના માર્યા ભાવવિભોર બની ગઈ હતી.

થોડા દિવસ અગાઉ જ ગોઝારિયાની આદર્શ પ્રાથમિક કન્યા શાળાના ધોરણ-૪ના વર્ગની બાળાઓએ એક આરોગ્ય વિષયક પ્રોજેક્ટ બનાવ્યો હતો. આ પ્રોજેક્ટ તેમના વર્ગ શિક્ષિકા ગીતાબહેન વાઘેલાની પ્રેરણા અને સહાયથી તેમણે આ પ્રોજેક્ટ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મોકલી આપ્યો હતો ત્યારે આ બાળાઓ કે તેમના વર્ગ શિક્ષકોને સ્વપ્રેય ખ્યાલ નહોતો કે તેમના આ નાનકડા પ્રયાસને મુખ્યમંત્રી પ્રતિભાવ આપશે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને જયારથી ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી લોકસભાની સામાન્ય ચુંટણીઓ માટે વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરાયા છે ત્યારથી તેઓ સમગ્ર દેશમાં ફરીને તેમની જાહેરસભાઓ યોજી રહ્યા છે અને જયારે આ કાર્યક્રમોને વચ્ચે સમય મળે ત્યારે ગુજરાતના કાર્યો નિપટાવે છે. આવા અતિ વ્યવસ્ત શિડયુલમાંથી પણ તેમણે સમય કાઢી આ બાળાઓના પ્રોજેક્ટ પર ધ્યાન આપ્યું તેમજ તમામ બાળાઓ અને વર્ગ શિક્ષિકા ને અભિનંદન અને શુભેચ્છા પાઠવતા વ્યકિતગત પત્રો મોકલી આપ્યાં હતાં. આ પત્રમાં તેમણે વિદ્યાર્થીઓને એક લગનથી અભ્યાસમાં ધ્યાન આપી આગળ વધવાની પ્રેરણા આપી છે.

મુખ્યમંત્રીનો પત્ર મેળવીને વર્ગ શિક્ષિકા તેમજ બાળાઓએ હર્ષોલ્લાસથી તેમના આ પગલાંને વધાવી લીધું હતું. આદર્શ પ્રાથમિક શાળાના આચાર્ય અને વર્ગ શિક્ષકોએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના આ પ્રેરણાત્મક પ્રતિભાવ બદલ આભાર માન્યો હતો.

વદરાડમાં અચાનક આગથી એક મકાન સળગી ઉઠ્યુ : ૬૦ હજારનું નુકશાન

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજના વદરાડ ગામમાં એક મકાનમાં એકાએક આગ લાગી હતી. આગમાં પશુઓ માટેનો ઘાસચારો બળીને ભસ્મીભૂત થઈ જવા પામ્યો હતો. આગમાં અંદાજીત ૬૦,૦૦૦ રૂપિયાનું નુકશાન થવા પામ્યું છે. આગના ધુમાડાથી સ્થાનિક લોકોએ ભારે જહેમત ઉઠાવી આગને કાબુમાં લીધી હતી.

તાલુકાના વદરાડ ગામે પ્રવિણભાઈ પટેલ (ભોળાભાઈ)ના મકાનમાં બપોરના સમયે અચાનક આગ લાગવા પામી હતી. મકાન બે મજલાનુ હતુ જેમાં ઉપરના માળે પશુઓ માટે સુકો ઘાસચારો ભરવામાં આવ્યો હતો. ઘાસચારાના કારણે આગે થોડીજ ક્ષણોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. જેના સમાચાર વાયુવેગે પ્રસરી જતા ગામના સ્થાનિક લોકો દોડી આવ્યા હતા.

સ્થાનિક લોકોએ પાણીનો મારો ચલાવી વિકરાળ સ્વરૂપ ધારણ કરેલ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગમાં સૂકો ઘાસચારો, મકાનનું ઈમારતી લાકડુ સહિત અંદાજીત ૬૦,૦૦૦ નું નુકસાન થવા પામ્યું હતું.

પ્રાંતિજ બજારમાં કરપીણ હત્યા કરાયેલ મૃતદેહ મળી આવતા ખળભળાટ

પ્રાંતિજ પોલિસે હત્યારાઓનું પગેરું શોધવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો

પ્રાંતિજ, તા.૨૩

પ્રાંતિજના મુખ્ય બજારમાં આજે વહેલીસવારે અંદાજે ૩૫ વર્ષીય યુવાનની ગળાના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે ઘા કરી હત્યા કરાયેલ હાલતમાં મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. આ સંદર્ભે પ્રાંતિજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજની દેસાઈની પોળ ખાતે રહેતા નિવૃત્ત શિક્ષક શાંતિલાલ દેસાઈનો પુત્ર ૩૫ વર્ષીય વાસુદેવ દેસાઈ નામના યુવકની પ્રાંતિજના મુખ્ય બજારમાં આજે વહેલી સવારે તીક્ષ્ણ હથિયાર વડે ઘા કરાયેલ મૃતદેહ લોહી લુહાણ હાલતમાં મળી આવ્યો હતો. આથી પાસેની 'ચા' ની

દુકાનના માલિક દ્વારા તુરંત પ્રાંતિજ પોલીસમાં જાણ કરવામાં આવી હતી. પરિણામે પ્રાંતિજ પોલીસ મથકના પી.આઈ. પટેલ તેમની ટીમ સાથે બનાવ સ્થળેદોડી આવ્યા હતા અનેસઘન તપાસ હાથ ધરી હતી. જોકે વહેલી સવારે તીક્ષ્ણ હથિયાર વડે યુવાનની કોણે હત્યા કરી છે અને આ હત્યા પાછળનું કારણ શું છે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજમાં પલ્સ પોલિયો અભિયાનમાં ૨૩,૫૦૦ બાળકોને રસી અપાઈ

પ્રાંતિજ, તા.૨૩

પ્રાંતિજમાં પોલિયો રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ પોલિયોના બે ટીપાં ભુલકાઓને પીવડાવી શુભારંભ કરાવ્યો હતો.

દેશમાંથી પોલિયોના રોગને જાકારો મળી ગયો છે છતાં પણ દેશનું કોઈ પણ બાળક પોલિયોનો શિકાર ન બને તે માટે રાજયમાં આજે પોલિયો

રસીકરણ અભિયાન અંતર્ગત પોલિયો રવિવાર યોજવામાં આવ્યો હતો. પ્રાંતિજ તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ બાળકોને પોલીયોના ટીપા પીવડાવી શુભારંભ કરાવ્યો હતો.

પ્રાંતિજ ખાતે પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવા માટે ૮૬ જેટલા બુથ ઉભા કરવામાં આવ્યા હતા. હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયકે જણાવ્યું હતું કે તાલુકામાં એક પણ બાળક પોલિયોના ટીપા પીવડાવવામાંથી રહી ન જાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા તાલુકામાં ૩૫૦ જેટલા કર્મચારીઓ અભિયાનમાં જોડવામાં આવ્યા છે.

કર્મચારીઓએ ગામે ગામ ફરીને ૨૩૫૦૦ જેટલા બાળકોને પોલિયોના ટીપા પીવડાવ્યા હતા.

ગેસવેલ્ડીંગ દરમિયાન બાટલો ફાટતા એક કારીગરને ગંભીર ઈજાઓ

ગૃહ વપરાશની ગેસ બાટલાનો કોમર્શિયલ દુરૂપયોગ ડામવા પગલાં લેવા લોકોની માંગ

ધાનેરા, તા. ૨૩

સરકારના નિયમ મુજબ ઘર વપરાશ અને કોમર્શિયલ વપરાશ માટે અલગ અલગ પ્રકારના ગેસ સિલિન્ડર વાપરવાના હોય છે. પરંતુ ધાનેરામાં સરકારી નિયમોનો છડેચોકે ભંગ કરતા ઘરવપરાશના બાટલાનો નિર્ભિકપણે હોટલો, રેસ્ટોરેન્ટ અને ગેસવેલ્ડીંગ જેવા ધંધામાં ઉપયોગ કરાઈ રહ્યો છે અને તંત્ર દ્વારા આંખ આડા કાન કરાઈ રહ્યા છે.

ઘર વપરાશની ગેસની બોટલનો કોમર્શિયલ ઉપયોગ કરતા કાટગીટ ચાર રસ્તા પાસે રિલાયન્સ ગેસની એક બોટલ ફાટતા એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. બનાવની વિગતમાં ગેસ વેલ્ડીંગ કરતા એક ખાનગી એકમમાં રીલાયન્સ ગેસનો ગૃહ વપરાશનો બાટલો ઉપયોગમાં લેવાઈ રહ્યો હતો ત્યારે અચાનક આ બાટલો ફાટતા આગ લાગી હતી તેમજ એક કારીગર ખૂબ જ ગંભીર રીતે ઘવાયો હતો. આગની જાણ ધાનેરા



નગરપાલિકાને કરાતા તાત્કાલિક ધોરણે આગ કાબુમાં લેવાઈ હતી અને વધુ નુકશાન થતુ અટકાવ્યું હતું.

પરંતુ બનાવની ગંભીરતા જોતા ધંધાદારીઓ દ્વારા ગૃહવપરાશના ગેસના બાટલા વાપરવા બાબતે સરકારી તંત્ર કે પુરવઠા ખાતા દ્વારા તાકીદે તપાસ હાથ ધરી કાયદેસરના પગલા લેવાય તેવી લોકોમાં માંગ ઉઠવા પામી હતી.

પ્રાંતિજની મહિલા સાથે છેતરપીંડી કરી મહિલાના જ એટીએમ કાર્ડથી ગઠીયો ૧,૧૦,૦૦૦ની રકમ ઉઠાવી ગયો

તલોદ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં જુદા જુદા પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતુ જઈ રહ્યું હોવાનુ ગુનાઓના બનાવો પરથી ફલિત થાય છે. તલોદ તાલુકાના અણિયોડ-બડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફિમેલ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતા એક મહિલા સાથે છેતરપીંડી અને ઠગાઈ કરી મહિલાના જ એટીએમ કાર્ડ દ્વારા તેણીના ખાતામાંથી રૂ. ૧,૧૦,૦૦૦ જેટલી માતબર રકમ કોઈક ગઠીયા ઈસમે હિંમતનગર ખાતેના એટીએમમાંથી ઉપાડી ગયા હોવાનો બનાવ બનવા પામેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના ઘડી ગામના રહીશ અને તલોદ તાલુકાના અણિયોડ-બડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફિમેલ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતા ગીતાબેન ભોગીલાલ પંડ્યા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ૩૨૯૮૯૯૧૩૯૨૮ નંબરનું ખાતુ ધરાવે છે. તાજેતરમાં તેમના ધ્યાનમાં આવ્યું કે તેમના ખાતાનું બેલેન્સ કોઈ અગમ્ય કારણોસર એકદમ ઓછુ થઈ ગયું છે. આમ થતા તેઓ સહજભાવે હેબતાઈ ગયા હતા. તરત જ બેંકમાં સંપર્ક કર્યો હતો તેમના જ એટીએમ કાર્ડ દ્વારા હિંમતનગર અને હરિયાણાના એટીએમ ખાતેથી કુલ રૂ. ૧,૧૦,૦૦૦ ઈસમો ઉપાડી ગયા હતા ત્યારે ગીતાબહેન પંડ્યાને માલુમ પડ્યુ હતુ કે થોડા દિવસો અગાઉ નાણા ઉપાડવા ગયેલ તે સમયે મદદે આવેલ ઈસમ ચોક્કસ તેમનું એટીએમ કાર્ડ બદલીને બોગસ એટીએમ કાર્ડ પધરાવી ગયો હતો અને તે જ ઈસમે પાસવર્ડનો ઉપયોગ કરી આટલી માતબર રકમ ઉપાડી ગયો હશે. આ સંદર્ભે ગીતાબેન પંડ્યાએ તલોદ પોલીસ મથકમાં આપતા પોલીસે જાણવા જોગ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં રેમ્બો ગ્રુપ દ્વારા વિવિધ સ્પર્ધા યોજાઈ

પાલનપુર શહેરમાં શશીવન બાગ ખાતે આજ રોજ રેમ્બો ગ્રુપ દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ અન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની વિવિધ શાળાઓના બાળકોએ ભાગ લીધો હતો. પાલનપુરમાં શશીવન ખાતે રેમ્બો ગ્રુપ દ્વારા બાળકોની શકિતઓને ઉજાગર કરવાના હેતુથી વેસ્ટમાંથી બેસ્ટ અને ચિત્ર સ્પર્ધાનો કાર્યક્રમ આજ રોજ યોજાયો હતો. શહેરની જુદી જુદી શાળાઓના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ પોતાના કૌશલ્યનું પ્રદર્શન કર્યુ હતું.

જીરૂં-વરીયાળીના ભાવોમાં નરમાશ રહે તેવી સંભાવના

અમદાવાદ, તા.૨૩

ઉત્તર ગુજરાતનાં વિવિધ બજારમાં સિઝનના પ્રારંભે રવિપાકોના નવા માલોની આવકો શરૂ થઈ છે. હાલ મસાલાની ચીજો જીરૂં અને વરીયાળીના ભાવ માલોની આવકો શરૂ થયેલ છે. જેમાં રાજસ્થાનના આબુરોડ વિસ્તારમાંથી વરીયાળીના બેસ્ટ કલરમાલની રોજિંદા ૨૫૦૦થી ૨૭૦૦ બોરીની આવક થાય છે. સિઝનલ ઘરાકી બાકી પણ આગામી માર્ચ મહિનામાં દેશાવરોની ઘરાકી નીકળશે. પરંતુ આ વર્ષે વ્યાપક વાવેતર અને વિપુલ ઉત્પાદનની આશાનાં પગલે બજારમાં જીરૂ અને વરીયાળીના ભાવમાં નરમાશ રહે તેવી શક્યતા છે.પ્રાપ્ત થતી માહિતી મુજબ આ વર્ષે જીરૂં અને વરીયાળીના પાકોનું વધુ વાવેતર થયું હતું. એકંદરે પાકોને અનુકુળ હવામાનને કારણે આ બંને પાકોના ઉતારા અને ઉત્પાદનોના અંદાજો ઉંચા મુકાયા. આથી બજારમાં નવા માલોની આવકો વધતી જાય છે તેમ તેમ ભાવોમાં ઘટાડો થતો જાય છે. વેપારી વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ ચાલુ વર્ષે ગુજરાત, રાજસ્થાનમાં વરીયાળીનું સવાયું ઉત્પાદન એટલે કે લગભગ ૧૫ થી ૧૬ લાખ બોરી જેટલું થવાનો અંદાજ છે. જૂના મામલનો સ્ટોક અંદાજે દોઢેલ લાખ બોરી ઉમેરાશે. આ જોતાં આગામી સમયમાં ભાવ ઘટશે તેમ જણાય છે.

ખેડબ્રહ્મામાં પોલીયો રસીકરણ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા.૨૩

ખેડબ્રહ્મા સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ બુથ ઉપર પોલીયો રસીકરણ ભાજપ શહેર ખેડબ્રહ્માના ઉપપ્રમુખ કમલેશભાઈ ઉપાધ્યાય દ્વારા બાળકોને રસીના બે ટીપા પીવડાવી પોલીયો રસીકરણના બીજા રાઉન્ડની શરૂઆત કરવામાં આવી હતી.

તાલુકાના ૦ થી ૫ વર્ષના ૪૬૪૬૧ બાળકોને પોલીયાની રસી પીવડાવતા ૧૮૫ બુથ ઉભા કરવામાં આવ્યા હતા. અને આવતી કાલના દીવસે રહી ગયેલ બાળકોને ઘરે ઘરે ફરીને પોલિય પિવડાવવામાં આવશે. ડો. એચ.એસ. ગઢવી, ટી.આઈ.ઈ.સી.ઓ મનહરભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી પોલીયાના બે ટીપાં પીવડાવવા જનતાને અપીલ કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન